સમય સંદેશ

પ્રોપર્ટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૯ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

સંકટ સમયે હિંમત રાખવી, એ અડધી લડાઈ જીતવા બરાબર છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૬૨ ● તારીખઃ ૨૧.૦૮.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# ભાવનગર લઠ્ઠાકાંડમાં ૧૩ આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

## વરતેજમાં જ મિથેનોલમાંથી બોગસ વિદેશી દારૂ બનાવ્યાનો ઘટસ્ફોટઃ બાર એસોસિએશને આરોપીઓનો કેસ ન લડવાનો ઠરાવ કર્યો; બે પીઆઈ સહિત ૫ પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ

**સમય સંદેશઃ ભાવનગર**

ભાવનગરમાં ઝેરી દારૂ પીવાથી સર્જાયેલી કરૂણાંતિકા બાદ પોલીસે સઘન તપાસ હાથ ધરીને ૨૧ પૈકી ઝડપાયેલા ૧૩ આરોપીઓને અદાલતમાં રજૂ કર્યા હતા. આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલની દલીલો ધ્યાને લઈ કોર્ટે તમામ ૧૩ આરોપીઓના ૧૦ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. બીજી તરફ, ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો વચ્ચે ક્રિમિનલ બાર એસોસિએશને એક ઠરાવ પસાર કરીને આ ગુનામાં સંડોવાયેલા કોઈપણ આરોપીનો કેસ ન લડવાનો સર્વાનુમતે નિર્ણય લીધો છે. જ્યારે બેદરકારી દાખવનાર વરતેજ પોલીસ મથકના પીઆઈ અને એલસીબી પીઆઈ સહિત ૫ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાના જણાવ્યા મુજબ, આ ઝેરી દારૂ ક્યાંય બહારથી લાવવામાં નહોતો આવ્યો પરંતુ ભાવનગરના વરતેજમાં જ

અનુ પાના નં.૨ પર

### ભાવનગર નકલી દારૂ કાંડઃ હર્ષ સંઘવીએ યોજી ઉચ્ચસ્તરીય બેઠક, તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ને સોંપાઈ



ભાવનગરમાં સામે આવેલા નકલી દારૂ પ્રકરણમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્ય પોલીસ વડા જી.એસ. મલિક, આઈબી ચીફ અને અમદાવાદ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી તાત્કાલિક કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા. સમગ્ર કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ માટે કેસ સ્ટેટ મોનિટરિંગ સેલ (જખઈ)ને સોંપવામાં આવ્યો છે. ભાવનગર એસપી દ્વારા 'રોયલ સ્ટેગ'ની બોટલોમાં નકલી દારૂ ભરી વેચનારા ચાર બુટલેગરોને ઝડપી પૂછપરછ હાથ ધરાઈ છે. જપ્ત કરાયેલા જથ્થાના સેમ્પલ એફએસએલમાં મોકલાયા છે અને ઉજ્જૈનથી ભાવનગર સુધી પહોંચેલા ૨૮ પેટી દારૂના નેટવર્ક અંગે તપાસ તેજ કરવામાં આવી છે.

## જો તમારી પાસે Royal Stagની આવી બોટલ હોય તો ન પીતાં, નાશ કરજો, વરતેજ પોલીસે જાહેર કરી ચેતવણી


**સમય સંદેશઃ ભાવનગર**




ભાવનગરમાં ઝેરી દારૂકાંડ બાદ વરતેજ પોલીસે લોકોને ખાસ અપીલ કરી છે. વરતેજ પોલીસે લોકોને અપીલ કરતાં કહ્યું કે શંકાસ્પદ બોટલ પરના સ્ટીકર અને બારકોડની ખાસ ચકાસણી કરવી જોઈએ. Royal Stag બ્રાન્ડની ૭૫૦ ML બોટલ અંગે ખાસ સાવચેતી રાખવી. જો આ પ્રકારની બોટલ કે સ્ટીકરવાળો દારૂ હોય તો તાત્કાલિક નાશ કરી નાખવી જોઈએ. પોલીસે વધુમાં કહ્યું કે દારૂનું સેવન કર્યું હોય તો તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં તપાસ કરાવવી. વરતેજ પોલીસે એક ચોતવણી આપતા કહ્યું કે ''જો કોઈ વ્યક્તિ પાસે આ પ્રકારની બોટલ અથવા તેના ઉપરના સ્ટીકરવાળો દારૂ હોય તો તાત્કાલીક તેનો નાશ કરવો અને તેનું સેવન ન કરવું...' પોલીસે Royal Stag બ્રાન્ડ્ શંકાસ્પદ બોટલના ફોટા અને વિગતો જાહેર કરી કરી છે અને જાહેર જનતાને શંકાસ્પદ દારૂથી દૂર રહેવા અપીલ કરી છે. એસએમસીની ચેતવણી બાદ દારૂના નશાખોરોમાં ફફડાટ વ્યાપ્યો છે. પોલીસે કહ્યું કે બારકોડ નંબર ૮૯૦૧૫૨૨૦૦૦૬૬૫

અનુ પાના નં.૨ પર

## વંદે માતરમ પર CWCના નિર્ણયથી અમિત શાહ ભડક્યા



**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોંગ્રેસ વર્કિંગ કમિટીએ નિર્ણય લીધો છે કે પાર્ટીના કાર્યક્રમોમાં વંદે માતરમના માત્ર પ્રથમ બે શ્લોક જ ગાવામાં આવશે. આ મુદ્દે હવે ગૃહ મંત્રી અમિત શાહે કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું હતું કે હું દેશને યાદ અપાવવા માગું છું કે ૧૯૩૭માં મુસ્લિમોને ખુશ કરવા માટે વંદે માતરમને વિભાજિત કરીને કોંગ્રેસે દેશના વિભાજનનો પાયો નાખ્યો હતો.

તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીની કાર્ય સમિતિએ એક આશ્ચર્યજનક અને દેશવિરોધી નિર્ણય લીધો છે. તેમણે પોતાની પાર્ટીના ૧૯૩૭ના ઠરાવને અનુસરીને મહાન વંદે માતરમ ગીતના માત્ર બે જ શ્લોક ગાવાનો નિર્ણય કર્યો છે. હું આ સમયે દેશને યાદ અપાવવા માગું છું કે ૧૯૩૭માં કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમોને ખુશ કરવા માટે વંદે માતરમના બે ટુકડા કરીને દેશના વિભાજનનો પાયો નાખ્યો હતો. ત્યાંથી જ દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતને મજબૂતી મળી હતી અને ત્યાર બાદ દેશનું વિભાજન થયું અને પાકિસ્તાનનો જન્મ થયો હતો.

તેમણે આગળ કહ્યું હતું કે વંદે માતરમના ૧૫૦મા વર્ષમાં નરેન્દ્ર મોદી સરકારે સુધારો કરીને બંકિમ બાબુની અમર કૃતિને સંપૂર્ણ ગીત તરીકે ગાઈને રાષ્ટ્રીય એકતાને ફરી એક વાર મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. તમામ સરકારી કાર્યક્રમોમાં તેને સંપૂર્ણ રીતે ગાવાનો જે નિર્ણય લીધો છે, તેને કાનૂની સ્વરૂપ પણ આપવામાં આવ્યું છે. કોંગ્રેસે ગઈ કાલે આ નિર્ણયની અવગણના કરવાનો નિર્ણય લીધો છે.

ગૃહ મંત્રીએ રાહુલ ગાંધી પર પણ તુષ્ટિકરણના રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો. શાહે કહ્યું હતું કે મને તો ખૂબ આશ્ચર્ય થાય છે કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી ફરી એક વાર આ દેશમાં તુષ્ટીકરણના રાજકારણને જોરશોરથી આગળ વધારી રહી છે. હું દેશની જનતાને અપીલ કરવા માગું છું કે એક વખત આ દેશે વંદે માતરમના બે ટુકડા કરવાની ભૂલ કરી હતી અને તેનાં ગંભીર

અનુ પાના નં.૨ પર

## વડોદરાના ચકચારી ભાયલી ગેંગરેપ કેસમાં કોર્ટનો મોટો ચુકાદોઃ પાંચેય આરોપીઓને દોષિત ઠેરવાયા

### નવરાત્રિમાં ગરબા જોવા ગયેલી ૧૬ વર્ષીય સગીરા પર આચરાયું હતું સામુહિક દુષ્કર્મ; ૨૫મીએ સંભળાવાશે સજા

**સમય સંદેશઃ વડોદરા**




વડોદરાના ચર્ચાસ્પદ ભાયલી સામુહિક દુષ્કર્મ કેસમાં પોક્સો કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપતા તમામ પાંચેય આરોપીઓને કસૂરવાર ઠેરવ્યા છે. વર્ષ ૨૦૨૪માં નવરાત્રિના બીજા નોરતે ગરબા જોવા ગયેલી ૧૬ વર્ષીય સગીરા પર પાંચ નરાધમોએ અત્યાચાર ગુજાર્યો હતો. સાક્ષીઓની જુબાનીઓ અને મેડિકલ પુરાવા સહિત સાંયોગિક પુરાવાની તમામ કડીઓ શંકારહિત રીતે પૂરવાર થતાં અદાલતે પાંચેય આરોપીઓને દોષિત જાહેર કર્યા છે અને આ ગુનાની સજા ૨૫મી તારીખે સંભળાવવામાં આવશે.

ઘટનાની વિગતો અનુસાર, ૪ ઓક્ટોબર ૨૦૨૪ની રાત્રે સગીરા તેના મિત્ર સાથે ભાયલી વિસ્તારમાં બેઠી હતી ત્યારે બાઈક પર આવેલા પાંચ આરોપીઓએ પૂર્વ આયોજિત

અનુ પાના નં.૨ પર

## જામનગર શહેર કોંગ્રેસમાં આંતરિક વિવાદ વકર્યોઃ ૬ હોદ્દેદારો સસ્પેન્ડ થતાં જ વિરોધનો સૂર

### શહેર પ્રમુખે શિસ્તભંગ બદલ ૬ સભ્યોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા, સામે રામદેવ ઓડેદરાએ પગલાંને ગેરબંધારણીય ગણાવી માનહાનિ કેસની ચેતવણી











**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર કોંગ્રેસ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ બદલ ૬ સભ્યોને પ્રાથમિક સભ્યપદ સહિત તમામ હોદ્દા પરથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાના જણાવ્યા મુજબ, ગત ચૂંટણી દરમિયાન પક્ષના હિત વિરુદ્ધ કામ કરનારા અશોકભાઈ ત્રિવેદી, ઉમર સોઢા, નુરમામદભાઈ પલેજા, ભરત ભાનુશાળી, રાજેશસિંહ કુશવાહ અને રામદેવ ઓડેદરા સામે ઉપરી નેતાગીરીની મંજૂરી બાદ આ કાર્યવાહી કરાઈ છે. બીજી તરફ, સસ્પેન્ડ કરાયેલા નેતા રામદેવ ઓડેદરાએ આ ઓર્ડરને ગેરબંધારણીય અને દ્વેષપૂર્ણ ગણાવી સદંતર ફગાવી દીધો છે. તેમણે શહેર પ્રમુખને પત્ર લખીને જણાવ્યું છે કે બંધારણ મુજબ સસ્પેન્ડ કરવાની સત્તા માત્ર પ્રદેશ કોંગ્રેસ કે શિસ્ત સમિતિ પાસે જ છે. પ્રદેશ નેતાગીરી સમક્ષ શહેર પ્રમુખની ગેરરીતિઓના પુરાવા રજૂ કર્યા હોવાથી બદલાની ભાવનાથી આ નિર્ણય લેવાયો હોવાનો આરોપ મૂકીને ઓડેદરાએ શહેર પ્રમુખ સામે ફોજદારી અને માનહાનિનો કેસ કરવાની ચેતવણી આપી છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૮૨.૫૦ કરોડના વિકાસ કાર્યો તૈયારઃ નાયબ મુખ્યમંત્રીના આગમનની સંભાવના






**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમી દ્વારકા જિલ્લામાં ત્રણ સ્થળે ૧૮૨.૫૦ કરોડના વિકાસ કાર્યો તૈયાર થઇ ગયા હોય તથા ઉદઘાટન લોકાર્પણની રાહ જોતા હોય તથા આવડી મોટી રકમના વિકાસ કાર્યો હોય ૨૩/૮ આસપાસ રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું આગમન થાય તેવી સંભાવના હોય તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. શીવરાજપુર બીચમાં ૧૫૦ કરોડના વિવિધ વિકાસ કાર્યો તૈયાર થઇ ગયા છે જેમાં બીચના વિકાસ તથા લોકોની સગવડતાઓને

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં એસ.ટી.ના ડ્રાઈવરની ઘોર બેદરકારીઃ ચાલુ બસે બાળકને સ્ટીયરિંગ સોંપતો વીડિયો વાયરલ

**સમય સંદેશઃ જામનગર**





જામનગરમાં ગુજરાત એસ.ટી. નિગમની બસમાંથી મુસાફરોની સુરક્ષા સામે ગંભીર બેદરકારીનો ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. એસ.ટી. ડેપોમાંથી બહાર નીકળતી ચાલુ બસમાં ડ્રાઈવરે એક માસૂમ બાળકને બસનું સ્ટીયરિંગ સોંપી દીધું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી છે.

મંગળવારે રાત્રે ડેપોમાંથી બસ બહાર નીકળતી હતી ત્યારે સમગ્ર ઘટનાને એક રિક્ષાચાલકે પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી. વાયરલ થયેલા વીડિયોમાં ડ્રાઈવિંગ સીટ પર બેઠેલો ડ્રાઈવર પોતાની બાજુમાં એક બાળકને બેસાડીને બસ ચલાવવા દેતો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે. બસનું સ્ટીયરિંગ બાળકના હાથમાં છે, જ્યારે ડ્રાઈવર તેની બાજુમાં બેઠેલો જોવા મળે છે.

એસ.ટી. બસમાં દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરતા હોય છે, ત્યારે ચાલુ બસમાં બાળકને સ્ટીયરિંગ સોંપવાની આ હરકત મુસાફરોના જીવને ગંભીર જોખમમાં મૂકી શકે તેવી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. ડ્રાઈવરની આવી બેદરકારીને કારણે કોઈ અકસ્માત સર્જાયો હોત તો તેની જવાબદારી કોની રહેત? તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે.

વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ એસ.ટી. નિગમનું તંત્ર હરકતમાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જવાબદાર ડ્રાઈવરની ઓળખ મેળવવા તેમજ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ડ્રાઈવર સામે શિસ્તભંગની કાર્યવાહી ઉપરાંત સસ્પેન્શન સહિતનાં પગલાં ભરવાની તજવીજ

અનુ પાના નં.૨ પર

## ચેન્નાઈમાં દક્ષિણ ઝોનલ કાઉન્સિલની બેઠક પૂર્વે ગૃહમંત્રી અમિત શાહ અને તમિલનાડુના મુખ્યમંત્રી વિજય થલપતિ વચ્ચે મુલાકાત



**સમય સંદેશઃ ચેન્નઈ**

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે બુધવારે રાત્રે સૌજન્ય મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી પદ સંભાળ્યા બાદ વિજય અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચેની આ પ્રથમ મુલાકાત હતી. આ બેઠક ચેન્નાઈ નજીક યોજાનારી દક્ષિણ ઝોનલ કાઉન્સિલની ૩૧મી બેઠકની પૂર્વસંધ્યાએ યોજાઈ હતી, જેનો ફોટો ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

દક્ષિણ ભારત રાજ્યો વચ્ચેના પરસ્પર હિતો અને સમન્વયને પ્રોત્સાહન આપવા માટે ચેન્નાઈ બહાર આવેલા કોવલમ ખાતે બીચ રિસોર્ટમાં આ ૩૧મી દક્ષિણ ઝોનલ કાઉન્સિલની બેઠક યોજાઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાનારી આ મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યો વચ્ચે નદીના પાણીના વિવાદો, પ્રાદેશિક વિકાસ અને સુરક્ષા સંબંધિત રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ, તેલંગાણાના નાયબ મુખ્યમંત્રી મલ્લુ ભટ્ટી વિક્રમાર્ક, કેરળ અને કર્ણાટકના મુખ્યમંત્રીઓ તેમજ અન્ય વરિષ્ઠ નેતાઓ હાજરી આપશે. બેઠકની કામગીરી પૂર્ણ થયા બાદ ગૃહમંત્રી અમિત શાહ મહાબલીપુરમના ઐતિહાસિક અને પ્રાચીન શોર મંદિર (કિનારા મંદિર) સંકુલની મુલાકાત લેશે.

## તંત્રી સ્થાનેથી..

### ડિઝીટલ આંદોલનનો યુગ !

જંતરમંતરમાં ડિજિટલ સંસ્કૃતિએ આંદોલનનું સ્વરૂપ નક્કી કર્યું, જ્યારે ઝારખંડમાં જમીન પર પહેલેથી રહેલા વિદ્યાર્થી અસંતોષને સોશિયલ મીડિયાએ ફેલાવ્યો. બીજો મહત્વનો તફાવત આંદોલનની જીતની વ્યાખ્યામાં છે. જંતરમંતરે જીતને એક દેખાય એવા પરિણામ સાથે જોડી. મંત્રીનું રાજીનામું આવ્યું એટલે જીતની તસવીર સ્પષ્ટ બની ગઈ. સરકાર સાથેની ચર્ચા પછી તમામ મુખ્ય માંગો સ્વીકાર્ય ગણાવી આંદોલન પાછું ખેંચવામાં આવ્યું. ઝારખંડમાં જીત વધુ જટિલ છે. સરકારે ૨૨ ભરતી પરીક્ષાઓ રદ કરી, ૨૩ની તપાસ શરૂ કરી અને કેટલીક સુધારાત્મક કાર્યવાહી સ્વીકારી. ત્યારબાદ ૨૬ દિવસ ચાલેલું આંદોલન બે મહિનાના અલ્ટિમેટમ સાથે સ્થગિત કરવામાં આવ્યું. એટલે ત્યાં અંતિમ વિજયની જાહેરાત કરતાં વ્યવસ્થાના સુધારાને ચકાસવા માટે સમય આપવામાં આવ્યો. જંતરમંતરનો સંદેશ હતો, સત્તા જવાબદાર છે અને તેને ઝુકાવી શકાય છે. ઝારખંડનો સંદેશ છે, વ્યવસ્થા જવાબદાર બનવી જોઈએ અને અમે તેના સુધારાની દેખરેખ રાખીશું. આ બે વાક્યોમાં બંને આંદોલન વચ્ચેનું અંતર સમાઈ જાય છે. જંતરમંતરમાં પોલીસ કાર્યવાહી પછી આંદોલન વધુ તીવ્ર બન્યું. ટિયર ગેસ, લાઠીચાર્જ અને ઈન્ટરનેટ પ્રતિબંધના દૃશ્યો સોશિયલ મીડિયામાં ફેલાતાં દેશભરમાં સહાનુભૂતિ વધી. ડિજિટલ યુગમાં પોલીસની લાઠી હવે માત્ર મેદાનમાં નથી વાગતી, તેની તસવીર કરોડો મોબાઈલ સુધી પહોંચે છે. આ સમજ જંતરમંતર આંદોલનની અસાધારણ તાકાત બની. ઝારખંડમાં પણ વિધાનસભા કૂચ વખતે ટિયર ગેસ, વોટર કેનન અને લાઠીનો ઉપયોગ થયો, કેટલાક સ્થળે બેરિકેડ પર ધક્કામુક્કી થઈ, છતાં સમગ્ર આંદોલનનો મુખ્ય સ્વર વ્યવસ્થિત અને મુદ્દાકેન્દ્રિત રહ્યો. સૌથી રસપ્રદ બાબત એ છે કે આ બંને આંદોલન જેન-ઝીની બે અલગ રાજકીય શક્યતાઓ દર્શાવે છે. એક જેન-ઝી આક્રોશને મીમમાં ફેરવે છે, વ્યક્તિને પ્રતીક બનાવે છે, વાયરલ સંદેશ વડે રાષ્ટ્રીય દબાણ ઊભું કરે છે અને તાત્કાલિક દેખાય તેવી રાજકીય જીત ઈચ્છે છે. બીજી જેન-ઝી પોતાના પ્રશ્નની સીમા નક્કી કરે છે, વિરોધી નેતાનું પણ સન્માન રાખે છે, સરકાર કરતાં વ્યવસ્થાને નિશાન બનાવે છે અને લાંબા ગાળાનો સંસ્થાકીય ફેરફાર માગે છે.

## નયારાની ટાઉનશીપના ક્વાર્ટરમાંથી રૂ.૪.૫૮ લાખની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક આવેલી નંદનિકેતન ટાઉનશીપમાં તસ્કરોએ એક બંધ ક્વાર્ટરને નિશાન બનાવી રૂ. ૪.૫૮ લાખની ચોરી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. નયારા એનર્જી લિમિટેડના ઓપરેશન વિભાગમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા નીતિનભાઈ દિક્ષિતના ક્વાર્ટરનો નકુચો તોડી અજાણ્યા શખસો કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ ચોરી ગયા હતા.

બાળકોના અભ્યાસ અર્થે પરિવાર હાલ જામનગરના પંચવટી સર્કલ પાસે ભાડાના મકાનમાં રહેતો હોવાથી રજાના દિવસે જ ક્વાર્ટરે આવતો હતો. ૧૬ ઓગસ્ટના રોજ રવિવારે સાંજે પરિવાર મકાનને તાળું મારી પરત ફર્યો હતો, જે બાદ આ તસ્કરીની ઘટના બની હતી. ઘરની સફાઈ માટે આવતી મહિલા પાસે અને એક ઓળખીતા વ્યક્તિના ઘરે ક્વાર્ટરની ચાવી રખાતી હોવાની વિગતો પણ સામે આવી છે. આ મામલે સિક્કા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓનું સુરાગ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

## બાઈકની હડફેટે ઘવાયેલ સ્કુટરચાલક આધેડનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પટેલ કોલોની શેરી નં.૬માં ખાદિમની દુકાન પાસે ૧૮ જુલાઈના સાંજના આશરે ૬ વાગ્યાના અરસામાં અકસ્માત સર્જાયો હતો. પ્રવિણસિંહ ધીરૂભા જાડેજા (ઉ.વ.૫૦) પોતાની એક્સેસ મોટરસાઇકલ લઇને પસાર થઈ રહ્યા હતા. દરમિયાન આરોપી ફૈઝાન મહમદહુશેન જામ પોતાની સ્પ્લેન્ડર મોટરસાઇકલ નં. ઋઉં-૧૦-ઊત્ર-૯૫૨૨ પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી એક્સેસને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે પ્રવિણસિંહને માથામાં ગંભીર ઇજા તેમજ શરીરના અન્ય ભાગે છોલછાલની ઇજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તેમને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જોકે સારવાર દરમિયાન તેમનું મોત નીપજતાં પરિવારજનોમાં શોક છવાયો હતો. બનાવ અંગે મૃતકના પુત્ર મહીપાલસિંહ પ્રવિણસિંહ જાડેજા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આરોપી ફૈઝાન મહમદહુશેન જામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર જિલ્લામાં જુગારના ૬ દરોડામાં ૨૮ પકડાયા

**સમય સંદેશઃ જામનગર**


સિક્કા પોલીસે રાવલસર ગામે વાડી વિસ્તારમાં દરોડો પાડી જયેન્દ્રસિંહ જાડેજા, લખમણભાઈ ગઢવી, રાયદેભાઈ કારીયા, વિશ્વજીતસિંહ જાડેજા, સિધ્ધરાજસિંહ જાડેજા, અર્જુનભાઈ કારીયા, રઘુવીરસિંહ જેઠવા અને ધર્મેશભાઈ સાખરાને રૂ. ૧,૦૨,૩૦૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. કાલાવડ ગ્રામ્ય પોલીસે મોટાવડાળા ગામેથી ફેઝલભાઇ પોપટપોત્રા, ઇરફાનભાઇ મુલતાની, આરીફભાઇ કાઝી અને દિપકભાઇ ગોંડલીયાને રૂ. ૮,૭૫૦ની રોકડ સાથે પકડ્યા હતા.

શેઠવડાળા પોલીસે ગોરખડી ગામે રામ મંદિર પાસે દરોડો પાડી ભાઇચંદભાઇ ખોના, જીતેશભાઇ વાદી, જીતેશભાઇ ભંડેરી અને ધરમશીભાઇ તાળા નામના ચાર જુગારીઓને રૂ. ૩,૧૫૦ સાથે પકડી પાડ્યા હતા. જ્યારે સિટી બી ડિવિઝન પોલીસે નાગેશ્વર વિસ્તારમાંથી કિશન પરમાર, મીલન શીયાળ, મીલન શીયાળ અને વિમલ બારીયાને રૂ. ૧૧,૨૦૦ની રોકડ સાથે અટકાયત કરી હતી.

ધ્રોલ પોલીસે ધરમપુર ગામેથી પ્રવિણભાઇ રાઠોડ, સંજય ઉર્ફે પકો પરેશા, દિનેશભાઇ સોનારા, નરેશભાઇ પરેશા, રામાભાઇ ચાવડીયા અને મનસુખભાઇ પરેશાને રૂ. ૩,૦૧૦ની રોકડ સાથે પકડી પાડ્યા હતા. આ ઉપરાંત, લાલપુર પોલીસે ધરાનગરમાંથી અતુલભાઇ વાઘેલા, મુકેશભાઇ રાઠોડ, નિલેશભાઇ રાઠોડ અને સાહીલભાઇ કબીરાને રૂ. ૪,૩૫૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.



## હાલારના હાલહવાલ



## દ્વારકામાં વરસાદની ખેંચથી પશુપાલકો ભારે મુશ્કેલીમાં : ઘાસચારાનું વિતરણ શરૂ કરાયું

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદની અછત અને અનિયમિતતાના કારણે ખેતીની સાથે પશુપાલન વ્યવસાય પર પણ સંકટ ઊભું થયું છે. પશુપાલકોની મુશ્કેલીને ધ્યાનમાં રાખી જિલ્લા તંત્ર દ્વારા પશુધન માટે ઘાસચારા વિતરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. દ્વારકા તાલુકામાં ઘાસચારા વિતરણની શરૂઆત ધારાસભ્ય પબુભા માણેકના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે ટીડીઓ વિક્રમ ઓડેદરા, મામલતદાર અનીલ ભેડા, નાયબ મામલતદાર મયુરધ્વજસિંહ ગોહિલ સહિત મોટી સંખ્યામાં માલધારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખાસ કિસ્સા હેઠળ





ઓખામંડળ તાલુકાના પશુપાલકોને અગ્રતા આપી ઘાસચારો આપવામાં આવી રહ્યો છે. નિયમ મુજબ પશુ દીઠ દરરોજ ૪ કિલો ઘાસની ફાળવણી કરવામાં આવી છે. પશુપાલકોને વારંવાર ધક્કા ન ખાવા પડે તે માટે હાલ ૧૫ દિવસનો જથ્થો એકસાથે વિતરણ કરવાનો નિર્ણય લેવાયો છે. બીજી તરફ, સમયસર અને પૂરતો વરસાદ નહીં પડતાં ખેડૂતો તથા પશુપાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે.

ખેતીના પાકની સાથે પશુઓ માટે ઘાસચારો અને પાણીની વ્યવસ્થા અંગે પણ ચિંતા વધી રહી છે. આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેવભૂમિ દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી માંગ ખેડૂતો અને પશુપાલકો દ્વારા ઉઠાવવામાં આવી રહી છે. સરકાર દ્વારા તાત્કાલિક વધુ રાહતલક્ષી પગલાં ભરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી રહી છે.

## ખંભાળીયા નગરપાલિકાના સફાઈ કામદારોને અપાતા સાધનો અપૂરતાઃ પાલિકા સદસ્યા દ્વારા ચીફ ઓફિસરને રજૂઆત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં સાફ-સફાઈ કરવા માટે તથા સફાઈ કામદારોને પૂરતા પ્રમાણમાં જરૂરી સાધનો ઉપલબ્ધ ન હોય, આ મુદ્દે નગરપાલિકાના મહિલા સદસ્યા દ્વારા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ખંભાળિયા નગરપાલિકાના મહિલા સભ્ય અને સેનિટેશન વિભાગના ચેરમેન પુષ્પાબેન મોહિતભાઈ વાઘેલાએ આ મુદ્દે નગરપાલિકાના ચીફ ઓફિસરને પાઠવેલા એક પત્રમાં જણાવાયું છે.

કે શહેરમાં વોર્ડ વિસ્તાર વધ્યો છે. ત્યારે તમામ નવ વોર્ડમાં તેમના દ્વારા સફાઈ કામગીરીનું જાતે નિરીક્ષણ કરવામાં આવતા કેટલીક ક્ષતિઓ સામે આવી છે. જે-તે વોર્ડમાં સફાઈ કામદારો પાસે સફાઈની કામગીરી કરવા માટે પૂરતા સાવરણા, કચરો ભરવા માટેના ડબ્બા, સુપરડી, ગટર કાઢવા માટેના પંખા, ડોલ, પાવડી તેમજ કચરાના ઢગલા ભરવા માટે હાથલારી જેવા સફાઈના સાધનો કામદારો પાસે ઉપલબ્ધ ન હતા.

જે મુદ્દે પૂછવામાં આવતા નગરપાલિકા દ્વારા તેઓને આ પ્રકારના પૂરતા સાધનો આપવામાં





આવતા નથી. આ ઉપરાંત સફાઈ કામદારોની સુરક્ષા માટે માસ્ક, હેન્ડ ગ્લોવ્ઝ, ગમબુટ જેવા આરોગ્યને લગતા સુરક્ષાના સાધનો પણ નથી. આથી શહેરની સ્વચ્છતાની કામગીરીના મહત્વના પ્રશ્ને ગંભીરતાપૂર્વક જરૂરી પગલા લઈ, સફાઈ કામદારોને સફાઈ કામગીરી કરવા માટે સફાઈના સાધનો પૂરા પાડવા તેમજ સુરક્ષા માટે જરૂરી સુવિધાઓ પણ પૂરી પાડવા આ પત્રમાં જણાવ્યું છે.

## દ્વારકા જિલ્લાના નારાજ ખેડૂતો દ્વારા આક્રોષપૂર્ણ વિરોધ પ્રદર્શન કરાયું



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના અલગ અલગ બે પ્રશ્નોને લઈને ખેડૂતોએ દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. જેમાં કલ્યાણપુર તાલુકાના ચૂર, ચપ્પર, રાજપરા, કાનપર શેરડી ગામમાં મહાકાય કંપનીના સૂચિત સબ સ્ટેશન સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

આ વિસ્તારમાં ૧૫૧/એ નેશનલ હાઈવે પર ૧૦ જેટલા ગામોને જોડતો રસ્તો બંધ થતાં ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો છે. આ ગામોમાં મહાકાય સબ સ્ટેશન બને તો ખેડૂતો જમીન, આજીવિકા વિહોણા બને તેવી ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી છે. અહીંના આશરે એક ડઝન જેટલા ગામોને જોડતો રસ્તો બંધ થવાથી ખેડૂતોને તેમની વાડીએ જવા ૮ થી ૧૦ કિલોમીટર જેટલો ફોગટ ફેરો થતો હોવાનો સુર ખેડૂતોમાં સાંભળવા મળ્યો છે.

આ મુદ્દે સ્થાનિક ખેડૂતો તેમજ કોંગ્રેસના આગેવાનો દ્વારા મોં પર હાથ રાખીને અનોખો મૌન પ્રતિકાત્મક વિરોધ કર્યો હતો. જેમાં સરકાર સામે જો વિરોધ પ્રદર્શિત કરવામાં આવે તો વિરોધકર્તાઓને પોલીસ દ્વારા તેઓને ડિટેઇન કરી, અટકાયત કરવામાં આવતી હોવાનું જણાવાયું છે. સરકારી તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી પણ માંગ કરાઈ રહી છે.

## ભાણવડ અને મીઠાપુરમાં વિદેશી દારૂ અંગે બે સ્થળોએ કાર્યવાહીઃ આરોપીઓ ફરાર

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડના વેરાડ નાકા વિસ્તારમાં રહેતા વિજયસિંહ હેમતસિંહ જાડેજા નામના શખ્સે એક પોતાના રહેણાંક મકાનમાં છુપાવીને રાખેલી રૂ. ૫,૬૧૨ ની કિંમતની વિદેશી દારૂની ૮ બોટલ પોલીસે કબ્જે કરી હતી. જો કે દરોડા દરમિયાન આરોપી પોલીસને હાથ લાગ્યો ન હતો. જે અંગે ભાણવડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. મીઠાપુર પોલીસની કાર્યવાહીમાં હમુસર ગામના ભુપતભા આશાભા માણેક નામના શખ્સના રહેણાંક મકાનમાંથી પોલીસે રૂ. ૪,૯૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૩૫ નાની બોટલ (ચપલા) કબ્જે કર્યા હતા. આ દરોડામાં આરોપી ફરાર થઈ ગયો હોવાનું જાહેર થયું છે. જે અંગે પોલીસે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન

### સરપંચ સહિત ૭ આમરણાંત

(પાના નં. ૪ થી આગળ)

રહ્યા છે. છાવણી તરફ રવાના થયેલા ગ્રામજનોનું ઢોલ-નગારા અને પરંપરાગત સામૈયા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં પુરુષ ખેડૂતોની સાથે મહિલાઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી અવાજ બુલંદ કર્યો હતો. સરપંચ ભાવેશભાઈએ તંત્ર સામે કડક ચીમકી આપતા જણાવ્યું હતું કે, તેઓ માત્ર પાણી પર રહીને અન્નત્યાગ કરી રહ્યા છે અને જ્યાં સુધી વીજ કંપનીઓ કે તંત્ર દ્વારા સંતોષકારક નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી છાવણી છોડશે નહીં. ખેડૂતોએ એકસૂરે સ્પષ્ટ ચેતવણી આપી છે કે પોતાની માંગણીઓ અને પ્રશ્નોનું યોગ્ય તથા કાયમી નિરાકરણ ન આવે ત્યાં સુધી આ કિસાન સત્યાગ્રહ અને અન્નત્યાગની લડત અવિરતપણે ચાલુ જ રહેશે.

### જામનગરમાં ચારિત્ર્ય

(પાના નં. ૪ થી આગળ)

ઘા, ગળામાં ૨ ઘા, બંને હાથ અને ડાબા કાન પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત હુમલાની તીવ્રતાના કારણે મોઢાના બે દાંત પણ તૂટી પડ્યા હતા. બૂમાબૂમ થતાં પાડોશીઓએ દોડી આવી મહિલાને હોસ્પિટલ પહોંચાડી હતી. પીડિતાની માતા નશીમબેનની ફરિયાદના આધારે જામનગર પોલીસે આરોપી હબીબ હસનભાઈ મજબુલ સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### બ્રાસપાર્ટનો માલ

(પાના નં. ૪ થી આગળ)

અને તેના ત્રણેય ડાયરેક્ટરોને અદાલતમાં હાજર થવા હુકમ પાઠવ્યો છે. આ કેસમાં ફરિયાદી વિન્ડસન મેટલ ઇન્ડસ્ટ્રીઝ વતી વકીલ મયુર ડી. કટારમલ રોકાયેલા છે.

### ભગવા અભિયાન

(પાના નં. ૪ થી આગળ)

ખાતેથી આ વિશાળ શોભાયાત્રા પ્રસ્થાન કરશે. શોભાયાત્રા પૂર્વે જ સમગ્ર જામનગરને ભગવામય બનાવી સનાતની એકતાનો સંદેશ આપવાના હેતુથી વિવિધ વિસ્તારોમાં ધ્વજ વિતરણ શરૂ કરી દેવાયું છે. શોભાયાત્રા સમિતિના અગ્રણીઓએ શહેરના તમામ ધર્મપ્રેમી નગરજનોને પોતાના નિવાસસ્થાન કે દુકાન પર ભગવો ધ્વજ લહેરાવી આ ધાર્મિક મહોત્સવમાં સહભાગી થવા તેમજ ૪ સપ્ટેમ્બરની શોભાયાત્રામાં જોડાવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

### ખંભાળિયા ટાઉન

(પાના નં. ૪ થી આગળ)

ગામનો કરસન સોમાભાઈ વાઘેલા નામનો શખ્સ ફરાર થઈ ગયો હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે રૂપિયા ૫૦,૮૦૦ નની રોકડ રકમ તથા રૂપિયા ૩૫,૦૦૦ ની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન અને રૂપિયા ત્રણ લાખની કિંમતની હ્યુન્ડાઈ વેન્યુ મોટરકાર મળી, કુલ રૂ. ૩,૮૫,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, ખંભાળિયા પોલીસમાં જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી એલસીબીના ઇન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, પી.એસ.આઈ. એમ.આર. સવસેટા, એસ.વી. કાંબલીયા, કિશોરભાઈ નંદાણીયા, દીપકભાઈ રાવલિયા, હસમુખભાઈ કટારા, દિશાબેન વ્યાસ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

### સરકારી ડેન્ટલ કોલેજ

(પાના નં. ૪ થી આગળ)

પીએસઆઈ આર.બી. ઠાકોરે આરોપી હિતેશ ગોટીને અદાલતમાં રજૂ કરીને ૪ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી શોભિત ગર્ગ જે રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરતો હતો, તે નાણાં સુરતના હરેશ વસાવડા અને હિતેશ ગોટી સુધી પહોંચતા હતા અને ત્યારબાદ અન્ય બોગસ ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા. રિમાન્ડ દરમિયાન હિતેશ ગોટીને મળેલા નાણાંનો તેણે શું ઉપયોગ કર્યો અને અન્ય કોને ટ્રાન્સફર કર્યા તે અંગેની સઘન પૂછપરછ કરી પોલીસ કૌભાંડના મૂળ સુધી પહોંચવા પ્રયાસ કરી રહી છે.

### શિક્ષણ સમિતિ

(પાના નં. ૩ થી આગળ)

કમિશનર સહિતના અધિકારીઓ સામે હાઈકોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. જસ્ટિસ એ.એસ. સુપેહિયા અને જસ્ટિસ નિશા એમ. ઠાકોરની ખંડપીઠે આ મામલે ગંભીર નોંધ લઈને જવાબદાર અધિકારીઓ સામે નોટિસ કાઢીને તા. ૧૪ સુધીમાં જવાબ રજૂ કરવા આદેશ કરતાં મનપાના વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

### સર્પદંશ થતાં મૃત્યુ

(પાના નં. ૩ થી આગળ)

આ ઉપરાંત ઓખા મંડળના મીઠાપુર તાબેના આરંભડા ગામે રહેતા અબ્બાસભાઈ દાઉદભાઈ બેતારા નામના ૫૭ વર્ષના પ્રૌઢ મંગળવાર તા. ૧૮ ના રોજ તેમના ઘરે ખાટલા પર સુતા હતા. તે દરમિયાન એકાએક તેમના હાથ વળવા લાગ્યા હતા અને મોઢું ત્રાસુ થઈ ગયું હતું. આમ, એકાએક થયેલી તકલીફ વચ્ચે તેમના પરિવારજનો તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની જાણ મૃતકના પત્ની જીન્નતબેન અબ્બાસભાઈ બેતારાએ મીઠાપુર પોલીસને કરી છે.

### ભાવનગર લઠ્ઠાકાંડ

(પાના નં. ૧ થી આગળ)

મુખ્ય આરોપી ગૌતમ સોલંકીના ઘરે તૈયાર કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશના ઉજ્જૈનથી આવેલા નરેન્દ્ર નામના શખસે મિથેનોલ, ઈથેનોલ અને એસેન્સનો ઉપયોગ કરીને વિદેશી દારૂની બ્રાન્ડ જેવા નકલી બોટલ, ઢાંકણાં અને સ્ટીકરો લગાવી ૨૫૦ જેટલી બોટલો તૈયાર કરી હતી. આ દારૂ બનાવનાર નરેન્દ્રએ પણ તેનું સેવન કર્યું હતું, જેના કારણે તેનું પણ મૃત્યુ થયું છે. પોલીસે હાલ મુખ્ય સૂત્રધાર રઈસ સહિતના આરોપીઓની અટકાયત કરી મોટાભાગનો કાચો અને તૈયાર દારૂનો જથ્થો કબજે કર્યો છે.

આ કેસમાં કૌભાંડ આચરનારા અને પૂરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરનારા મુખ્ય આરોપીઓ ગૌતમ સોલંકી, રઈસુદ્દીન, મનોજ, જતીન અને હાર્દિક બારૈયા સહિત ૨૧ શખસો સામે નામજોગ ફરિયાદ નોંધાઈ છે. લઠ્ઠાકાંડમાં ઉપેન્દ્રસિંહ ગોહિલ, કનકસિંહ ગોહિલ, કાર્તિક મકવાણા, ઘનશ્યામસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ અને શિક્ષક હિતેશ પરમાર સહિતના લોકોના કરૂણ મોત નિપજ્યા છે. હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા દર્દીઓની સ્થિતિ ગંભીર હોય મૃત્યુઆંક વધવાની ભીતિ વચ્ચે સમગ્ર જિલ્લામાં પોલીસે કડક ચેકિંગ અને દરોડાનો ધમધમાટ શરૂ કર્યો છે.

### ભાયલી ગેંગરેપ

(પાના નં. ૧ થી આગળ)

કાવતરા સાથે હુમલો કર્યો હતો. આરોપીઓએ સગીરાના મિત્રને પકડી રાખીને સગીરા સાથે શારીરિક છેડછાડ કરી સામુહિક દુષ્કર્મ આચર્યું હતું અને તેનો મોબાઈલ ફોન પણ લૂંટી લીધો હતો. ઘટના બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ગણતરીના દિવસોમાં આરોપીઓની ધરપકડ કરી હતી અને માત્ર ૧૭ જ દિવસમાં પોક્સો કોર્ટમાં ૬,૦૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી.

સરકારી વકીલ નયન સુખડવાલાના જણાવ્યા મુજબ, પાંચ પૈકી ત્રણ આરોપીઓએ દુષ્કર્મ આચર્યું હતું અને બે આરોપીઓએ શારીરિક છેડછાડ કરી હતી. આરોપીઓએ પુરાવાનો નાશ કરવાના હેતુથી લૂંટેલો મોબાઈલ ફોન વિશ્વામિત્રી નદીમાં ફેંકી દીધો હતો, જેને શોધી કાઢનાર ફાયર બ્રિગેડના અધિકારીઓની જુબાની અને મેડિકલ પુરાવાને કોર્ટે ગ્રાહ્ય રાખ્યા છે. સરકારી પક્ષ દ્વારા રજૂ કરાયેલા મજબૂત પુરાવા અને પોલીસની સઘન તપાસને પગલે અદાલતે લૂંટ અને દુષ્કર્મ સહિતના ગુનામાં તમામ આરોપીઓને દોષિત ઠેરવ્યા છે.

### જાહેર કરી ચેતવણી

(પાના નં. ૧ થી આગળ)

ધરાવતી રોયલ સ્ટેગ ૭૫૦ ખક બોટલનો નાશ કરજો, અને તેમાંનો દારુ ન પીતા. નકલી દારૂકાંડમાં અત્યાર સુધી ૯ લોકોના મોત થયા છે. આ આંકડો હજુ વધી શકે છે. કુલ ૨૧ લોકો સામે ગુનો દાખલ થયા છે જેમાંથી ૧૩ની ધરપકડ થઈ છે. SMCના SP મયુરસિંહ ચાવડાએ નકલી લઠ્ઠાકાંઠ પર મોટો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે દારૂમાં મિથેનોલ મિક્સ કરવાથી ઘટના સર્જાઈ હતી. ઈથેનોલ સાથે મિથેનોલના મિક્સચરથી દારૂ ઝેરી થયો હતો. તેમણે કહ્યું કે પીડિતો અને મૃતકોના લોહીમાંથી મિથેનોલ મળ્યું છે.

### શાહ ભડક્યા

(પાના નં. ૧ થી આગળ)

પરિણામો આપણે ભોગવ્યાં છે. તેમણે દેશની જનતાને એકજૂથ થવાની અપીલ કરી છે. તેમણે કહ્યું હતું કે હવે દેશની જનતા એકજૂથ થાય અને કોંગ્રેસ પાર્ટીના આ નિર્ણય સામે અવાજ ઉઠાવે. હવે આ દેશમાં તુષ્ટીકરણનું રાજકારણ નહીં ચાલે.

### જામનગરમાં એસ.ટી.

(પાના નં. ૧ થી આગળ)

હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે. મુસાફરોના જીવ સાથે ચેડાં કરતી આવી ગંભીર બેદરકારી સામે માત્ર કાગળ પરની કાર્યવાહી નહીં, પરંતુ જવાબદાર સામે દાખલારૂપ કડક પગલાં ભરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

### દેવભૂમિ દ્વારકા

(પાના નં. ૧ થી આગળ)

ધ્યાનમાં રાખીને અનેક વિકાસ કાર્યો થયા છે તેનું લોકાર્પણ થશે આ ઉપરાંત દ્વારકા જિલ્લાના હર્ષદ યાત્રાધામના વિકાસ માટે પ્રથમ તબકકામાં ૭‌ાા કરોડ રૂપિયાના વિકાસ કાર્યો તૈયાર થઇ ગયા હોય તેનું પણ લોકાર્પણ થશે તો દ્વારકા જિલ્લાના ભાણવડમાં ઇન્દ્રેશ્વર મહાદેવ કે જયાં પાંચ કરોડના ખર્ચે વિકાસ કાર્યો મંજુર થયેલા તે પછી છેક ૨૫ કરોડના વિકાસ કાર્યો થયા ત્યાં પણ લોકાર્પણ થયાના વિકાસ કાર્યો તૈયાર છે જે તમામના લોકાર્પણ થશે જેથી લોકોને સગવડો પ્રાપ્ત થાય.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

# જામનગર જિલ્લામાં નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપવાનું મહા અભિયાન



## જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળની કારોબારી સમિતિની બેઠક યોજાઈ: કલેક્ટર દ્વારા શિક્ષણથી વંચિત નાગરિકોના સર્વે અને નોંધણી કામગીરી અંગે અપાયું માર્ગદર્શન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં સાક્ષરતા દર ઊંચો લાવવા અને નિરક્ષરતા સંપૂર્ણપણે નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે ભારત સરકારના 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' અંતર્ગત વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ યોજના હેઠળ ૧૫ થી ૬૦ વર્ષની વયજૂથના નિરક્ષર નાગરિકોને માત્ર અક્ષર જ્ઞાન જ નહીં, પરંતુ પાયાના ગણન અને રોજિંદા વ્યવહારમાં ઉપયોગી થાય તેવા કૌશલ્યવર્ધક જ્ઞાનથી માહિતગાર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ કાર્યક્રમની કામગીરીને વધુ વેગવંત બનાવવા માટે જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશાના પરામર્શ હેઠળ 'જામનગર જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળ'ની કારોબારી સમિતિની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં કલેક્ટરે સંબંધિત અધિકારીઓને ૧૫ થી ૬૦ વયજૂથના તમામ નિરક્ષરોનો સચોટ સર્વે હાથ ધરી, તેમની સમયસર નોંધણી પૂર્ણ કરવા માટે જરૂરી દિશા-નિર્દેશો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ મહત્વપૂર્ણ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતા, નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સી.એમ. મહેતા, જિલ્લા રોજગાર અધિકારી સુશ્રી સરોજ સાંડપા તેમજ અન્ય સંબંધિત વિભાગોના પ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા પંચાયત ખાતે શિક્ષણ સમિતિની બેઠક યોજાઈ

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જિલ્લા પંચાયત ખાતે શિક્ષણ સમિતિની બેઠક યોજાઈ હતી. શિક્ષણ સમિતિના ચેરમેન વર્ષાબેન માકડીયાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિપુલ મહેતા સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ સમિતિની મિટિંગમાં ચેરમેન વર્ષાબેન માંકડિયાએ જિલ્લા શિક્ષણ વ્યવસ્થાને વધુ સુદઢ બનાવવા માટે વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓની અમલવારી, શાળાકીય કામગીરી તથા જરૂરી શૈક્ષણિક મુદ્દાઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ, વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ અને ઉજ્જવળ ભવિષ્ય મળી રહે તે માટે અસરકારક આયોજન સાથે કામગીરી આગળ વધારવા અંગે જરૂરી માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિપુલ મહેતાએ જાણકારી આપી હતી. જિલ્લા પ્રમુખ રંજનબેન જીવાણી એ શાળાકીય વ્યવસ્થામાં ગુણવત્તા સભર સુધારા લાવવા તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપી શિક્ષણ ક્ષેત્રે વધુ સારા પરિણામો પ્રાપ્ત થાય તે દિશામાં સંકલિત પ્રયાસો કરવા અંગે બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

# શિક્ષણ સમિત્તિના ૨૫ જેટલાં કર્મચારીઓના નાણાં સેટલમેન્ટનો મામલો: હાઈકોર્ટમાં અનાદરની ફરિયાદ

## કર્મચારીઓ વતી મજૂર મહાજન સંઘે કમિશનર, શાસનાધિકારી સહિતના સામે હાઈકોર્ટના આદેશની અવગણના કર્યાની દાખલ કરી ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૨૫ કર્મચારીઓને તેમના પડતર હકના નાણાં ચૂકવવાના હાઈકોર્ટના આદેશનું પાલન ન થતાં વિવાદ સર્જાયો છે. સેટલમેન્ટને મંજૂરી મળી ગઈ હોવા છતાં નાણાં ન ચૂકવાતા મજૂર મહાજન સંઘ દ્વારા મહાનગરપાલિકાના કમિશનર અને શિક્ષણ સમિતિના શાસનાધિકારી સહિતના જવાબદારો સામે હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ (અદાલતી તિરસ્કાર)ની અરજી દાખલ કરવામાં આવી છે. જેને પગલે હાઈકોર્ટે નોટિસ ઈશ્યૂ કરી તંત્ર પાસે જવાબ તલબ કર્યો છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પચ્ચીસ પટ્ટાવાળા કમ ચોકીદારોને દેવાપાત્ર રકમના ૪૦ ટકા નાણાં ચૂકવવા અંગે મજૂર મહાજન સંઘ અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે થયેલા સેટલમેન્ટને ગત તા. ૫ માર્ચ ૨૦૨૬ના રોજ હાઈકોર્ટે આખરી મંજૂરી આપી હતી. પરંતુ ત્યારબાદ તંત્રના આંતરિક વહીવટી કારણો અને શિક્ષણ વિભાગ તરફથી શાસનાધિકારીને સહી કરવાની સત્તા ન હોવાના અભિપ્રાયને કારણે ચુકવણાની પ્રક્રિયા અટકી પડી હતી. બે વિભાગો વચ્ચેની અનિર્ણાયકતાના લીધે નાના કર્મચારીઓ પોતાના હકના નાણાંથી વંચિત રહ્યા હતા.

આ પરિસ્થિતિને ધ્યાને લઈ મજૂર મહાજન સંઘના સેક્રેટરી પંકજભાઈ જોષી દ્વારા શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ અને હોદ્દાની રૂએ મ્યુનિસિપલ

અનુ પાના નં.૨ પર

# પીપરટોડાની સીમમાં ઝેરી જનાવર કરડતા મહિલાનું મોત

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના પીપરટોડા ગામે રાજેશભાઇ શીવાભાઇ સંઘાણીની વાડીમાં રહેતા અને મૂળ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાવ ગામના રહેવાસી કેશરીબેન પર્વતભાઇ સંગોડ (ઉ.વ.૫૦) તા.૧૮ ઓગસ્ટના બપોરના આશરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેમના પુત્ર જહેશ સાથે ભાગે રાખેલી ખેતીની જમીનમાં મગફળીના પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરી રહ્યા હતા. દરમિયાન દવાનો છંટકાવ કરતી વખતે કેશરીબેનના ડાબા પગમાં અચાનક કોઇ ઝેરી જનાવરે ડંખ માર્યો હતો. ઝેરી જનાવરના ડંખની અસર થતાં કેશરીબેનની તબિયત લથડી હતી. પરિવારજનો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી અને તેમને સારવાર માટે પડધરી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં ફરજ પરના તબીબે કેશરીબેનને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે તેમના પતિ પર્વતભાઇ વાલીયાભાઇ સંગોડ દ્વારા ધ્રોલ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મોત અંગેની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ટ્રાફિકશાખાએ જપ્ત કરેલ ૫૦ વાહનની હરરાજી



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા જપ્ત કરવામાં આવેલા વાહનો અને માલિકોએ નોટિસ આપવા છતાં છોડાવવાની કાર્યવાહી ન કરેલા વાહનોની હરાજી યોજાઈ હતી. તાલીમ ભવન પોલીસ હેડક્વાર્ટર, જામનગર ખાતે યોજાયેલી હરાજીમાં કુલ ૫૦ વાહનોનો સમાવેશ કરાયો હતો, જેમાં ૪૮ ટુ-વ્હીલર, એક રિક્ષા અને એક ફોર-વ્હીલરનો સમાવેશ થાય છે. આ હરાજીમાં કુલ ૮૨ વેપારીઓએ ભાગ લીધો હતો. જામનગર ગ્રામ્ય નાયબ પોલીસ અધિક્ષક પિયુષ વાંદાના માર્ગદર્શન અને આગેવાની હેઠળ હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ખંભાળીયાના સોડસલા રહેતી મહિલાને રાત્રિના સમયે સર્પદંશ થતાં મૃત્યુ

## વીજશોક લાગતા ભાણવડના વિપ્ર મહિલાનું અપમૃત્યુઃ આરંભડાના પ્રૌઢનું મૃત્યુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના સોડસલા ગામે રહેતા પૂનમબેન ચંદ્રકાંતભાઈ પરમાર નામના ૪૨ વર્ષના કુંભાર મહિલા ગત તારીખ ૧૬ ના રોજ રાત્રિના સમયે તેમના ઘરે સુતા હતા. તે દરમિયાન ઝેરી સર્પે તેમના ગળાના ભાગે દંશ દેતા તેમને ખંભાળિયાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પતિ ચંદ્રકાંતભાઈ કરશનભાઈ પરમાર (ઉ.વ. ૪૫, રહે. સોડસલા) એ સલાયા મરીન પોલીસને કરી છે.

જ્યારે ભાણવડના રણજીતપરા વિસ્તારમાં રહેતા શાંતિબેન અનંતભાઈ રાવલ નામના ૭૦ વર્ષના બ્રાહ્મણ મહિલા પોતાના ઘરે ફળિયામાં પાણીની ઇલેક્ટ્રીક મોટર ચાલુ હતી, ત્યારે પાણીની નળી નીકળી જતા ચાલુ મોટરે નળી ફીટ કરવા ગયા હતા. જ્યાં તેમને એકાએક જોરદાર વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પુત્ર જીતેન્દ્રભાઈ અનંતભાઈ રાવલએ ભાણવડ પોલીસને કરી છે.

અનુ પાના નં.૨ પર

# કેશોદ નજીક એસટી બસ અને એક્ટિવા વચ્ચે અકસ્માતઃ નર્સિંગની ૧૯ વર્ષીય વિદ્યાર્થીનીનું કરૂણ મોત

## સોમનાથ-દહેગામ રૂટની બસે એક્ટિવાને અડફેટે લેતા દુર્ઘટના; મૃતક યુવતીના પિતા માંગરોળ મરીન કમાન્ડોમાં ફરજ બજાવતા હોવાનું સામે આવ્યું

**સમય સંદેશઃ કેશોદ**



કેશોદથી સોંદરડા તરફ જતા માર્ગ પર એસટી બસ અને એક્ટિવા બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૯ વર્ષીય યુવતીનું કરૂણ મોત નિપજ્યું છે. સોમનાથ-દહેગામ રૂટની એસટી બસે એક્ટિવાને અડફેટે લેતા આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઇજાગ્રસ્ત યુવતીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

મૃતક યુવતીની ઓળખ ૧૯ વર્ષીય કુંજલબેન વિક્રમસિંહ ગાંગણા તરીકે થઈ છે. કુંજલબેન નર્સિંગનો અભ્યાસ કરતા હતા અને તેમનો પરિવાર કેશોદના કૃષ્ણનગરમાં રહે છે. તે પોતાના એક્ટિવા પર કેશોદથી પોતાના વતન પાણખાણ તરફ જઈ રહ્યા હતા ત્યારે આ કાળમુખો અકસ્માત નડ્યો હતો. વધુમાં મળતી વિગતો મુજબ, મૃતક યુવતીના પિતા માંગરોળ મરીન કમાન્ડોમાં પોતાની ફરજ બજાવે છે. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને યુવતીના પરિવારજનોને બનાવ અંગે માહિતગાર કર્યા હતા. હોનહાર અને ભણતી પુત્રીના અચાનક અકસ્માતમાં અકાળે અવસાનથી પરિવારજનો પર દૂખનો પહાડ તૂટી પડ્યો છે અને સમગ્ર પંથકમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. પોલીસે આ અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં રોગચાળો વકર્યોઃ આરોગ્ય વિભાગના સર્વેમાં તાવના ૨૨૯ અને ઝાડા-ઉલ્ટીના ૮૫ કેસ મળ્યા

## ૯૭ હજારથી વધુ ઘરોના સર્વેને કામગીરી માટે મેલેરીયા વિભાગની ૨૩૩ ટીમો જોડાઈઃ ૧૯૩૫ ઘરમાં મચ્છરના પોરા મળી આવતા નાશ કરાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય શાખા હેઠળના મેલેરિયા વિભાગ દ્વારા ૧૩ આરોગ્ય કેન્દ્રો હેઠળના વિસ્તારોમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને નાથવા માટે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન આરોગ્ય વિભાગની ટીમોને શહેરમાંથી તાવના ૨૨૯ અને ઝાડા-ઉલટીના ૮૫ દર્દીઓ મળી આવ્યા હતા. મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે મનપાના તંત્ર દ્વારા ઘરે-ઘરે જઈને સઘન ચકાસણી અને દવાનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગની ૨૩૩ ટીમોએ શહેરના કુલ ૯૭,૨૪૪ ઘરોનો સર્વે કર્યો હતો, જેમાંથી ૧૯૩૫ ઘરોમાં મચ્છરોના પોરા (લાર્વા)ની ઉત્પત્તિ જોવા મળી હતી. આ ઉપરાંત પાણી ભરવાના ૪.૭૨ લાખથી વધુ પાત્રોની ચકાસણી કરાતા ૨૦૮૮ પાત્રોમાં પોરા મળી આવ્યા હતા, જેના પગલે તંત્ર દ્વારા ૨૧૮૪ પાત્રોનો સ્થળ પર જ નાશ કરાયો હતો. તેમજ મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા માટે ૪૫,૮૧૨ પાત્રોમાં 'એબેટ' નામની મચ્છર વિરોધી દવાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

રોગચાળાથી બચવા માટે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહેવા દેવા, પીવાનું પાણી ઢાંકીને રાખવા અને દર અઠવાડિયે કૂલર કે ફૂલદાની સાફ કરવા અપીલ કરાઈ છે. આ ઉપરાંત, પીવાનું પાણી ઉકાળીને વાપરવા, વાસી કે ખુલ્લો ખોરાક ન ખાવા અને તાવ કે ઝાડા-ઉલટીના લક્ષણો દેખાય તો તરત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મહાનગરપાલિકાએ શ્રાવણી મેળા માટે વધુ ૧૨ પ્લોટની હરરાજી કરી

## અત્યાર સુધીમાં મેળાના પ્લોટોની હરરાજી પેટે રૂપિયા ૧.૭૦ કરોડની આવકઃ હજુ પણ ૨૫ ટકાના ભાવ વધારાને લીધે ચાર પ્લોટમાં બોલી ન બોલાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાનમાં તા. ૧ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા પારંપરિક શ્રાવણી મેળા માટે પ્લોટોની હરરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

અગાઉ ટેન્ડર પ્રક્રિયામાં બાકી રહેલા અને સિંગલ ટેન્ડર મેળવેલા કુલ ૧૬ પ્લોટો માટે બુધવારે ફાયર બ્રિગેડના સભાખંડ ખાતે જાહેર હરરાજી યોજાઈ હતી. જેમાં ૧૨ પ્લોટોના વેચાણ થકી મનપાને રૂ. ૬૫ લાખની આવક થઈ છે. આ સાથે જ શ્રાવણી મેળાના પ્લોટોની કુલ આવક રૂ. ૧.૭૦ કરોડે પહોંચી છે, છતાં તંત્ર દ્વારા કરવામાં આવેલા ૨૫ ટકા ભાવવધારા સામે વેપારીઓ અને ધંધાર્થીઓમાં છુપી નારાજગી પણ જોવા મળી હતી.

ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસિસ્ટન્ટ કમિશનર મુકેશભાઈ વરણવા તથા એસ્ટેટ અને ટીપી-ડીપી વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મુકેશભાઈ ગોસાઈની ઉપસ્થિતિમાં આ હરરાજી યોજાઈ હતી. જેમાં મશીન મનોરંજન, ચિલ્ડ્રન રાઈડ, ખાણીપીણી, આઈસ્ક્રીમ અને પોપકોર્ન સહિતના ૧૬ પ્લોટો માટે બોલી બોલાવવામાં આવી હતી. હરરાજી દરમિયાન મશીન મનોરંજનના ૫, ચિલ્ડ્રન રાઈડનો ૧, ખાણીપીણીના ૫ અને પોપકોર્નનો ૧ એમ કુલ ૧૨ પ્લોટ સફળતાપૂર્વક વેચાયા હતા. જ્યારે આઈસ્ક્રીમના ૨, ખાણીપીણીનો ૧ અને મશીન મનોરંજનનો ૧ (પ્લોટ નં. ૫) મળીને કુલ ૪ પ્લોટ માટે કોઈ લેવાલ ન મળતા તે વેચાયા વગરના રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મનપા તંત્રને અગાઉ તા. ૧૩ ઓગસ્ટના રોજ રમકડાના સ્ટોલ્સ, મીની રાઈડ્સ, બાળકોની રાઈડ અને પોપકોર્નના પ્લોટોના ઓફલાઈન ટેન્ડર થકી રૂ. ૧.૦૫ કરોડની આવક થઈ હતી.

ત્યારબાદ યોજાયેલી આ હરરાજીની આવક ઉમેરાતા તંત્રની તિજોરીમાં અત્યાર સુધીમાં કુલ રૂ. ૧.૭૦ કરોડ જમા થઈ ચૂક્યા છે. બાકી રહેલા ચાર પ્લોટો અંગે મનપા તંત્ર આગામી દિવસોમાં શું નિર્ણય લે છે તે જોવાનું રહેશે.

# વીજ ધાંધીયાના કારણે વોર્ડ નં.૧ના આરોગ્ય કેન્દ્રની કામગીરીને અસર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૧મા છેલ્લા ઘણા સમયથી ઇલેક્ટ્રિક વીજનો પ્રશ્ન હોય છે વીજ પુરવઠો આવે અને જાય છે.તેની સીધી અસર મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્ર ઉપર પડી છે. વીજ પૂરવઠો ન હોવા ન લીધે આરોગ્ય કેન્દ્રમાં અંધારું રહે છે. જેથી ડોક્ટરને મોબાઇલની લાઈટના સહારે દર્દીઓની સારવાર કરવી પડે છે.જેને ભાગે દર્દીઓ હેરાન પરેશાન થાય છે. આરોગ્ય કેન્દ્રોરમા જ ના ૮૦ થી ૯૦ ની ઓપીડીની હોય છે પણ આ આરોગ્ય કેન્દ્રમાં જ્યારે ઇલેક્ટ્રિક વીજ પૂરવઠો ખોરવાય ત્યારે આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને સારવા મુશ્કેલી ન પડે તે માટે મહાનગરપાલિકા દ્વારા બેટરી અને ઇન્વેટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તેવી માંગ સામાજિક કાર્યકર અનવર સંઘાર કરી છે.

# વાવડીમાં વીજ લાઇનના વિરોધમાં કિસાન સત્યાગ્રહઃ સરપંચ સહિત ૭ આમરણાંત ઉપવાસ પરઃ ૫ ગામોના ખેડૂતોનું સમર્થન








**સમય સંદેશઃ જોડિયા**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામે વીજ કંપનીઓ દ્વારા ખેતરોમાં બળજબરીપૂર્વક વીજ થાંભલા ઉભા કરવાના નિર્ણય સામે સ્થાનિક ખેડૂતોએ આંદોલનનું બ્યુગલ ફૂંક્યું છે. ખેડૂતોએ પોતાના હક અને અધિકાર માટે ગામમાં આવેલા શ્રી રામદેવપીરજી મહારાજ મંદિર પાસે 'કિસાન સત્યાગ્રહ છાવણી' ઊભી કરી છે. જ્યાં સ્થાનિક સરપંચ ભાવેશભાઈ સહિત ૭ લોકોએ તંત્રના અન્યાયી વલણ સામે અન્નનો ત્યાગ કરીને આમરણાંત ઉપવાસના શ્રીગણેશ કર્યા છે. ખેડૂતોના આ આંદોલનને સમગ્ર પંથકમાંથી વ્યાપક ટેકો મળી રહ્યો છે. આ લડત માત્ર વાવડી પૂરતી સીમિત ન રહેતા આસપાસના લીંબુડા, અણદા, ભાદરા, કેશીયા અને રામપર જેવા ગ્રામ્ય વિસ્તારો સુધી પ્રસરી ગઈ છે. આ ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચી

અનુ પાના નં.૨ પર

# ભાટિયાઃ શૌચાલયની છત પર પોપડા ઉખડી રહ્યા છે, અકસ્માતનો તોળાઈ રહેલો ભય

## મુખ્ય ગેટ પાસે હોવાથી લોકોની ખુબ જ અવર-જવર રહે છેઃ ભાટિયાના જાહેર શૌચાલય નું નવનીકરણ કરવા ઊઠતી ગામ લોકોની માંગણીઃ અત્યારે પડુ પડુ ના વાંકે ઉભુ શૌચાલય આમ તો પંચાયતે રીપેરીંગ કરવું જોઈએ તેના બદલે લોકો દ્વારા લેખિતમાં આપવું પડે, આ તે કેવા પ્રકારનો વિકાસ?

**સમય સંદેશઃ ભાટિયા**
**(અશ્વિન જોશી દ્વારા)**

ભાટીયા ગામના બસ સ્ટેન્ડ અને મુખ્ય ગેટ ની પાસે આવેલ ગ્રામ પંચાયત તરફથી જાહેર શૌચાલય લોકો માટે બનાવવામાં આવેલ છે હાલમાં ભાટિયા ગામમાં ૩૦ થી ૩૫ ગામડાઓનો વેપાર લોકોની ખૂબ જ અવરજવર હોય આ જાહેર શૌચાલયનો લોકો ઉપયોગ કરી રહ્યા છે છતાં પણ આ જાહેર શૌચાલય પડું પડુંના વાંકે ઉભું છે. અત્યારે આ શૌચાલયમાં સુવિધા ના સાધનો પણ અંદર પૂરતા નથી ને બારણા તૂટેલા ફાટેલા છે જેથી લોકોને ખૂબ જ હાલાકી ભોગવી પડે છે ત્યારે ભાટીયા ગામના જાગૃત નાગરિકો





રમેશભાઈ નાઘેરા સહિતના ૭૦ જેટલા ગામજનોએ ભાટિયા ગ્રામ પંચાયત,તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા મામલતદાર સહિતને આ શૌચાલયનું નવનીકરણ અને હાલ આ શૌચાલયનું તમામ બાંધકામ દૂર કરે તેની જગ્યાએ નવું આધુનિક શૌચાલય સારી સુવિધાઓ સાથે ઉભું કરવા લોકોને માંગ ઉઠી છે. મોટો અકસ્માત થાય એ પહેલા તંત્રએ જાગૃત થઈ આ શૌચાલયનું કામ તાત્કાલિક કરવા ગ્રામ પંચાયતને લેખિતમાં રજૂઆત કરી છે આમ તો ઘણા ખરા ગામને લગત પ્રશ્ન પંચાયતની દેખરેખ માં હોવા જોઈએ છતાં પણ લોકો જાગૃત થાય ને માંગણી કરે તેવો વિકાસ ?

# જામનગરમાં ચારિત્ર્ય અંગે શંકા કરી પત્નીની હત્યાનો પ્રયાસ

## શહેરના રબ્બાની પાર્ક વિસ્તારની ઘટનાઃ પત્ની ઉપર તલવારના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચતાડતા મહિલા હોસ્પિટલના બિછાનેઃ પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મોરકંડા રોડ પર આવેલા રબાની પાર્ક શેરી નં. ૧ માં ચારિત્ર્ય અંગેની શંકાના મુદ્દે પતિએ પોતાની જ પત્ની પર તલવાર વડે આડેધડ ઘા મારી જીવલેણ હુમલો કરવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ લોહિયાળ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ હતી. ગંભીર રીતે ઘવાયેલી


તસવીરઃ હિરેન ગાંધી

મહિલાને તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે પોલીસે પીડિતાની માતાની ફરિયાદના આધારે આરોપી પતિ સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગતો અનુસાર, બેડી વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષીય નશીમબેનના પુત્રી રેશમાબેન (ઉ.વ.૩૨)ના લગ્ન ૧૧ વર્ષ પહેલાં હબીબ હસનભાઈ મજબુલ સાથે થયા હતા. છેલ્લા કેટલાક સમયથી પતિ હબીબ પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખતો હોય, વિવાદ સર્જાયો હતો. આ બાબતે ૮ દિવસ પહેલાં રેશમાબેન રિસાઈને પિયર ચાલ્યા ગયા હતા, પરંતુ પરિવારજનોની મધ્યસ્થીથી સમાધાન થતાં ૪ દિવસ પહેલાં જ હબીબ તેમને પરત ઘરે તેડી ગયો હતો. ગઈકાલે ફરી શંકા-કુશંકા કરી બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા હબીબે તલવાર વડે પત્ની પર હુમલો કરી દીધો હતો.

હુમલા દરમિયાન રેશમાબેનને માથાના ભાગે તલવારના આશરે ૬

અનુ પાના નં.૨ પર

# બ્રાસપાર્ટનો માલ ખરીદયા બાદ રૂ.૪૦ લાખની છેતરપીંડી અંગે કર્ણાટકની પેઢી સામે ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના બ્રાસપાર્ટના ઉદ્યોગપતિ પાસેથી લાખો રૂપિયાનો માલ ખરીદ્યા બાદ કર્ણાટકની પેઢી દ્વારા આપવામાં આવેલો ચેક રિટર્ન થતા મામલો અદાલતે પહોંચ્યો છે. જામનગરની 'શ્રી વિન્ડસન મેટલ ઇન્ડસ્ટ્રીઝ'ના ભાગીદાર હસમુખભાઈ પાસેથી કર્ણાટકની 'નેક્સીસ મીટર પ્રા.લી.' દ્વારા રૂ. ૩૯,૯૬,૯૭૩નો બ્રાસપાર્ટનો માલ ઉધારથી ખરીદવામાં આવ્યો હતો. આ લેણી રકમની ચુકવણી પેટે કર્ણાટકની કંપનીએ આપમેળ ચેક આપ્યો હતો.

આ ચેક જામનગરના વેપારીએ પોતાની બેંકના ખાતામાં ભરતા જમા થવાને બદલે રિટર્ન થયો હતો. આથી હસમુખભાઈએ પોતાના વકીલ મારફતે નેક્સીસ મીટર પ્રા.લી. તથા તેના ડાયરેક્ટરો સૃથાજન જૈન, અનુગ્રહા જૈન અને હરીશ સંજીવ સેટીને કાનૂની નોટિસ મોકલી નાણાંની માંગણી કરી હતી. જોકે, નોટિસ છતાં રકમ ન ચૂકવાતા કે કોઈ જવાબ ન મળતા જામનગરની અદાલતમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અંગે જામનગરના વેપારીએ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ દાખલ કરેલી ફરિયાદને ધ્યાને લઈને અદાલતે નેક્સીસ મીટર પ્રા.લી.

અનુ પાના નં.૨ પર

# જન્માષ્ટમી શોભાયાત્રા પૂર્વે જામનગરમાં હર ઘર ભગવા અભિયાનનો પ્રારંભ

## શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતેથી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ અને સંતો-મહાનુભાવોની ઉપસ્થિતિમાં અભિયાનનો પ્રારંભ વિશાળ સાર્વજનિક શોભાયાત્રા પહેલા જ દરેક સનાતની પોતાના ઘરે ભગવો ધ્વજ લહેરાવેઃ આચાર્યશ્રી કૃષ્ણમણિજી

**સમય સંદેશઃ જામનગર**

'છોટી કાશી' તરીકે જાણીતા જામનગર શહેરમાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના પાવન પર્વની ઉજવણીને લઈને ધર્મપ્રેમી જનતામાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રા સમિતિ દ્વારા આ વર્ષે યોજાનાર ભવ્ય શોભાયાત્રાના પૂર્વ આયોજન રૂપે સમગ્ર શહેરને ભક્તિમય બનાવવા 'હર ઘર ભગવા' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઐતિહાસિક શ્રી ૫ નવતનપુરી ધામ (ખીજડા મંદિર) ખાતેથી જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજના હસ્તે અને વિવિધ સામાજિક-ધાર્મિક સંગઠનોના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ભગવા ધ્વજ વિતરણ કરીને આ ઝુંબેશની શરૂઆત કરાઈ હતી.


તસવીરઃ હિરેન ગાંધી

અભિયાન અંતર્ગત જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દરેક ઘરો અને વ્યવસાયિક પ્રતિષ્ઠાનો પર લગાડવા માટે ૫ હજારથી વધુ ભગવા ધ્વજ તૈયાર કરવામાં આવ્યા છે. આ પ્રસંગે આશીર્વચન આપતા આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજે જણાવ્યું હતું કે, આ વર્ષે ૨૦મી સાર્વજનિક શોભાયાત્રા યોજાઈ રહી છે, જેમાં તમામ ધાર્મિક અને સામાજિક મંડળો એકસૂત્ર થઈને જોડાશે. સનાતન સંસ્કૃતિમાં શૌર્ય, ત્યાગ અને સમર્પણના પ્રતીક સમાન ભગવા ધ્વજને લહેરાવી સૌ નાગરિકો પોતાની સંસ્કૃતિનું ગૌરવ વધારે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. આગામી ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ વાગ્યે ખીજડા મંદિર

અનુ પાના નં.૨ પર

# ઓખા રેલ્વે સ્ટેશનમાં બિમાર હાલતમાં મળેલા આધેડનું સારવારમાં મોત

**સમય સંદેશઃ ઓખા**

ઓખાના રેલ્વે સ્ટેશન ખાતે વિનોદ નામના આશરે ૫૦ વર્ષના અને બીમાર હાલતમાં રહેલા એક અજાણ્યા આધેડને વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સોમવાર તા. ૧૭ ના રોજ તેમનું બિનવારસુ વર્ડમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું.



આ સારવાર દરમિયાન ઉપરોક્ત આધેડના કોઈ વાલી-વારસદાર પોલીસ સમક્ષ કે હોસ્પિટલમાં આવ્યા ન હોય, આને અનુલક્ષીને રેલવે પોલીસ દ્વારા કરવામાં આવેલી જરૂરી કાર્યવાહીમાં આ મૃતક આધેડના સગા-સંબંધીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે. શરીરે મધ્યમ બાંધાના અને ઘઉંવર્ણા એવા આ આધેડનું મોઢું ગોળ હોય અને મોઢા તથા માથા ઉપર કાળા, સફેદ વાળ અને ચહેરા પર બે ઇંચ જેટલી સફેદ, કાળી દાઢી-મુછ છે. તેમણે કમરે બ્રાઉન કલરનો બરમૂડો પહેરેલો છે.

આ મૃતદેહને જામનગરની હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખવામાં આવ્યો છે. આ અજાણ્યા મૃતક આધેડના સંબંધીઓએ રેલવે પોલીસ અથવા જામનગરની જી.જી. હોસ્પિટલનો સંપર્ક સાધવા ઓખા રેલવે આઉટ પોસ્ટની એક યાદીમાં જણાવાયું છે.

# ચાલુ સ્કુટર પરથી આરોપી ફરાર થવાના પ્રકરણમાં મહિલા પોલીસ સસ્પેન્ડ

## ગંભીર ગુનાના આરોપીને એકમાત્ર હોમગાર્ડના હવાલે સ્કુટરમાં મોકલવાની બેદરકારી બદલ જિલ્લા પોલીસ વડાની કાર્યવાહી

**સમય સંદેશઃ જામનગર**

સિટી-સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં સંડોવાયેલા આરોપી મીત ઉર્ફે મિતેષ ઉર્ફે મીતલો સુનીલભાઈ બારીયાને હોમગાર્ડ સભ્ય કિરણકુમાર ત્રિવેદી ફોટોગ્રાફ અને ફિંગરપ્રિન્ટની કાર્યવાહી માટે એમઓબી શાખા ખાતે લઈ ગયા હતા. કાર્યવાહી પૂર્ણ થયા બાદ આરોપીને જમાદારના એક્સેસ સ્કૂટર પર પાછળ બેસાડી પરત પોલીસ મથકે લઈ જવામાં આવી રહ્યો હતો.

દરમિયાન એમ.પી. શાહ મેડિકલ કોલેજના ખૂણા નજીક આવેલી બેટરીની દુકાન પાસે ટ્રાફિકમાં બે-ત્રણ વાહનો વચ્ચે આવી જતાં હોમગાર્ડ સભ્યએ સ્કૂટરની ગતિ ધીમી કરી હતી. આ તકનો લાભ લઈ આરોપી મીત ચાલુ સ્કૂટરમાંથી નીચે કૂદી ગયો હતો. ત્યારબાદ પાછળથી બાઈક લઈને આવી રહેલા તેના સાગરીત પ્રકાશ ઉર્ફે પકોના બાઈક પર બેસી પુલ પરથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવને પગલે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આરોપીને ઝડપી પાડવા માટે અલગ-અલગ પોલીસ ટીમો કામે લાગી હતી. અંતે જામનગર એલસીબીની ટીમે આરોપીને દ્વારકામાંથી ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ, ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીને પૂરતા પોલીસ જાપ્તા વિના માત્ર એક હોમગાર્ડના હવાલે અને તે પણ સ્કૂટર પર મોકલવાની કામગીરી સામે અનેક સવાલો ઊઠ્યા હતા. સમગ્ર મામલાની ગંભીર નોંધ લઈ જિલ્લા પોલીસવડાએ સિટી-સી ડિવિઝનના એમઓબી વિભાગનાં મહિલા જમાદાર રાધાબેન ખોજીયાને સસ્પેન્ડ કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

# ખંભાળિયા ટાઉનમાં ધમધમતા જુગારના અખાડા પર એલસીબી પોલીસ ત્રાટકી

## રૂ. ૩.૮૬ લાખના મુદ્દામાલ સાથે સાત ઝડપાયા, એક ફરાર

**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ અહીંની સ્થાનિક ગુના શોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ. નિકુંજ જોશી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એલ.સી.બી.ના એ.એસ.આઈ. મસરીભાઈ ભારવાડીયા અને કિશોરભાઈ નંદાણીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયાના એસ.ટી. રોડ પર આવેલી વૃંદાવન નર્સરીની બાજુમાં રહેતા દિલીપગર ભીમગર ગોસાઈ નામના ૪૦ વર્ષના બાવાજી યુવાન દ્વારા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં પોતાના અંગત ફાયદા માટે બહારથી માણસો બોલાવી અને અહીં તેઓને લાઈટ, પાણી તેમજ જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી, તેના બદલામાં નાલ ઉઘરાવીને ચલાવતા જુગારના અખાડા પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સ્થળેથી પોલીસે દિલીપગર ઉર્ફે ડકો ભીમગર ગોસાઈ, સુરેશ હમીર સિંધવ, લખમણ લાખા સંધીયા, કારા માણસી પતાણી, જયદીપસિંહ જયેન્દ્રસિંહ ચુડાસમા, વનરાજસિંહ જગદીશસિંહ જાડેજા અને નીતાબેન કમલેશગીરી ગોસ્વામી નામના સાત વ્યક્તિઓને ઝડપી લેવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન જામનગરના સિક્કા

અનુ પાના નં.૨ પર



# સરકારી ડેન્ટલ કોલેજના ૧.૩૬ કરોડની ઉચાપતના કેસમાં ભાવનગરના શખ્સનો હરિયાણાની જેલમાંથી મેળવાયો કબ્જો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજમાં રોગી કલ્યાણ સમિતિના ડીનની સહી ધરાવતા ૧૫ ચેકો દ્વારા રૂ. ૧.૩૬ કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લેવાના ચર્ચિત કૌભાંડમાં પોલીસને મોટી સફળતા સાંપડી છે. કરાર આધારિત ક્લાર્ક શોભિત ગર્ગ અને સુરતના હરેશ વસાવડાની ધરપકડ બાદ, બેંક ટ્રાન્ઝેક્શનની ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન ભાવનગરના હિતેશ પ્રવીણભાઈ ગોટી નામના શખસની સંડોવણી સામે આવી હતી. જેથી સિટી બી ડિવિઝન પોલીસની ટીમે હરિયાણાની મીનકા જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે તેનો કબ્જો મેળવી જામનગર લાવવામાં આવ્યો છે. તપાસનીશ

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com